# ઓનલાઈન શોપીંગ તો કરો છો, હવે ઓનલાઈન વૉટ પણ આપવો પડશે

## સાલ-૨૦૦૯ : જ્યારે મોદીને રશિયા પ્રવાસ પછી સ્વાઈન ફ્લુ થયો હતો

ગુજરાતની સ્થાનિક ચૂંટણીઓમાં ફરજીયાત મતદાનની સાથે રાજય ચૂંટણી પંચ ઓનલાઈન મતદારો માટે મૂકાશે. ચૂંટણી પંચ આપણને કાનમાં એવું કહે છે કે, ઓનલાઈન શોપિંગ તો કરો છો, હવે તમારા સ્થાનિક નેતાને ઓનલાઈન મત પણ આપજો....

**ઓફિસ ગઇ, સરકારી ફોન ઘરે પહોચ્યો ...**

## કેબિનેટમાં સૌરભ પટેલ પછી વિજય રૂપાણીનું વજન વધી રહ્યું છે

## ભારતીય રાજનિતીમાં ઈન્દિરા ગાંધી પછી મોદી સુપર પાવર ઈમેજમાં

મતદાનનો ઓપ્શન આપી રહ્યું છે, એટલે કે ડેસ્કટોપ અથવા તો લેપટોપની મદદથી ઘરેબેઠાં મતદાન થઈ શકશે. ચૂંટણી પંચનો દાવો છે કે આ પ્રોજેક્ટ સમગ્ર એશિયામાં પહેલો હશે અને તેનો પહેલો પ્રયોગ અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર અને જામનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં થશે. આગામી ઓકટોબર મહિનામાં આવી રહેલી આ મહાનગર અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીમાં પહેલીવાર ૫૦ ટકા મહિલા ઉમેદવારો મેદાનમાં હશે. ઓનલાઈન મતદાન માટે ગુજરાતે તેનું ટેકનિકલ માળખું અગાઉથી જ ઉભું કરી દીધું હતું અને તેનો પ્રયોગ શહેરી વિસ્તારની ચૂંટણીઓમાં થઈ ચૂક્યો છે. હવે મોટા પ્રમાણમાં ઓનલાઈન વોટીંગનો પ્રયોગ

**ટાઈમ લાઈન**

**- ગૌતમ પુરોહિત**

નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં ૧૨ વર્ષ શાસન કર્યુ પણ તેમને મળેલી તમામ ભેટસોગાદોની હરાજી કરી તેના ઉત્તમ નાણાં મેળવી એ નાણાંનો તેમણે કન્યા કેળવણીના અભિયાન પાછળ ખર્ચ કરી દીધા. મોદી પ્રાઈમ મિનિસ્ટર બન્યા પછી આ સિલસિલો ચાલુ રાખ્યો છે. તેમનું નામ કોતરેલું છે તે સૂટ તેમણે હરાજીમાં આપી દીધો અને તેના ૪.૩૧ કરોડ ઉપજયા છે. આ સાથે અન્ય ચીજવસ્તુઓ મળીને કુલ ૮.૩૩ કરોડની રકમ થાય છે એ તમામ રકમ ગંગા શુદ્ધિકરણ માટે વાપરવાનો ધ્યેય છે. મોદી શાસન

● અનુસંધાન પાન-૭ પર



# શિશિરોત્સવમાં શ્રોતાઓએ મન ભરીને ગુર્જરી મહોલાત માણી







(તસવીર : દિપક જાની)

## નરેશ કનોડિયાએ જાગ રે માલણ.... ગાઈ પ્રારંભ કરાવ્યો : વત્સલા પાટીલે જુની પેઢીના ગીતોથી ડોલાવ્યા : સાંઈરામ દવે અને સુખદેવ ધામેલિયાએ પેટમાં દુઃખે ત્યાં સુધી હસાવ્યા : આદિત્ય ગઢવીની ગાયકીએ રસતરબોળ કર્યા : અરવિંદ વેગડાએ જીવંત માહોલ સર્જયો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરની જાણીતી સંસ્થા કલ્ચરલ ફોરમ દ્વારા શિશિર ઋતુ બાદ આવતી વસંત ઋતુને હર્ષથી આવકારવાના પ્રયાસરૂપે શિશિરોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિશિરોત્સવનું ગઈ કાલે સાંજે ૭ વાગે ઈન્ફોસીટી કલબ એન્ડ રિસોર્ટ ખાતે ગુજરાતી ફિલ્મ જગતના સુપરસ્ટાર નરેશ કનોડીયાના હસ્તે દીપ પ્રાગટય દ્વારા કરાયું હતું. દીપ પ્રાગટયમાં તેમની સાથે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્ર ત્રિવેદી, ગુજરાત સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ યોગેશ ગઢવી તેમજ કલ્ચરલ ફોરમના સંચાલકો જોડાયા હતાં.

વિશ્વ માતૃભાષા દિવસે યોજાયેલ શિશિરોત્સવના ઉદઘાટન પ્રસંગે નરેશ કનોડિયાએ તેમનું સુપરહીટ ગીત 'જાગ રે માલણ જાગ..' ગાઈ ઉપસ્થિત મેદનીને ગેલમાં લાવી દીધી હતી. પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્ર ત્રિવેદીએ માતૃભાષા ગુજરાતીના વૈભવની વાત પ્રસ્તુત કરી હતી જયારે સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ યોગેશ ગઢવીએ લોકસાહિત્ય અને લોક સંગીત વિશે પ્રકાશ પાડયો હતો. આ ઉદઘાટન સમારંભનું સંચાલન હિરેન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. કલ્ચરલ ફોરમ સંસ્થાના ૨૦મા વર્ષે પ્રથમવાર શિશિરોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે જેનો હેતુ મૌસમને ઉત્સવ સાથે જોતરી પાનખરને સંગીતમય બનાવી વસંતને આવકારવાનો છે.

શિશિરોત્સવના પ્રથમ દિવસે 'ગુર્જરી મહોલાત' કાર્યક્રમ યોજાયો હતો . જેમાં લોકસંગીતના પ્રસિદ્ધ ગાયિકા વત્સલા પાટીલ, સુવિખ્યાત હાસ્ય કલાકારો સાંઈરામ દવે અને સુખદેવ ધામેલિયા, ભાઈ ભાઈ ફેઈમ અરવિંદ વેગડા અને યુવા પ્રતિભા આદિત્ય ગઢવી દ્વારા ગુજરાતી ગવન અને કવનની અખૂટ મહોલાત પ્રસ્તુત કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન રસપ્રદ શૈલીમાં લોકસાહિત્યની અનોખી વાતો સાથે યોગેશ ગઢવી દ્વારા કરવામાં આવ્યું હતું. ગાયિકા વત્સલા પાટીલે જુના ગુજરાતી ગીતોને તેમના સુમધુર કંઠે રજુ કરીને શ્રોતાઓને ડોલાવી દીધા હતા. જેમાં રામાયણ આધારિત પ્રસિધ્ધ ગીત 'લીલી લેંબડી રે...'થી માંડીને અવિસ્મરણીય ગીતોનો સમાવેશ થાય છે. સાંઈરામ દવેએ લોકસાહિત્યની સાથે અર્વાચીન પેઢીને સાંકળતા અને રોજબરોજના

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ૯૦ ટકા બાળકોને પોલીયોથી રક્ષિત કરાયા

## મહાનગર પાલીકા વિસ્તારના ૨૮ હજાર બાળકો મળી જિલ્લાના અઢી લાખ જેટલા બાળકોને પોલીયોના ટીપા પીવડાવાયા

ગાંધીનગર, તા. ૨૨

'દો બુંદ જીંદગી કી..' દેશભરમાં પાંચ વર્ષ સુધીના બાળકોને પોલીયો પીવડાવીને પોલીયોમુક્ત દેશ બનાવી દેવામાં સરકારને સફળતા મળી છે. આજે પોલીયો નાબુદી અભિયાન અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલીકા વિસ્તારના ૨૮ હજાર મળી જિલ્લાના અઢી લાખ જેટલા બાળકોને પોલીયોના બે ટીપા પીવડાવવામાં આવ્યા છે. જિલ્લામાં ૯૦ ટકા બાળકોને પોલીયોથી રક્ષિત કરવામાં આવ્યા છે. આવતીકાલે સોમવારે ડૉર ટુ ડોર ફરીને ટીમો એક પણ બાળક બાકી ન રહી જાય તે માટે કવાયત કરેશે.

પોલીયો નાબુદી અભિયાન અંતર્ગત બીજા રાઉન્ડમાં દેશભરની સાથે ગાંધીનગર મહાનગર પાલીકાએ શહેરમાં ૧૦૭ બુથ અને ૩ ટ્રાન્ઝીટ પોઈન્ટ ઉભા કર્યા ઉપરાંત પાંચ મોબાઈલ વાન દોડાવી હતી. મનપા વિસ્તારના ૨૮ હજાર જેટલા બાળકોને તથા જિલ્લામાંથી અઢી લાખ બાળકોને આજે તંત્રએ પોલીયોના ટીપા પીવડાવ્યા હતા. નર્સીંગ કોલેજ, આંગણવાડી કાર્યકરો, આઈટીઆઈના વિદ્યાર્થીઓ-સ્ટાફ તથા સ્વૈચ્છીક સંસ્થાઓની પણ મદદ આ અભિયાનને સાકાર કરવા માટે લેવામાં આવી હતી. આવતીકાલે સોમવારે ઘરે ઘરે જઈને બાકી રહી ગયેલા પાંચ વર્ષથી નાના બાળકોને પોલીયોના ટીપા પીવડાવી ૧૦૦ ટકા ટાર્ગેટ પુરો કરવામાં આવશે.

# ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના વધુ ૧૭ કેસ નોંધાયા

## સ્વાઈન ફ્લુના ભરડામાંથી નાગરિકોને બચાવવા આરોગ્યતંત્રના ઉધામા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુનો કહેર દિવસે ને દિવસે વધુ ઘેરો થતો જાય છે. આજે પણ ૧૭ નવા કેસ નોંધાતા તંત્રની ઊંઘ હરામ થઈ જવા પામી છે.

એક તરફ વાતાવરણમાં ગરમીનો માહોલ વધવાથી તંત્રએ રાહતનો દમ લીધો હતો.પરંતુ હજુ પણ રાત્રીની ઠંડક એટલી જ હોવાથી સ્વાઈન ફ્લુ નિયંત્રણમાં આવવાનુ નામ લેતો નથી. આગામી દિવસોમાં પણ સ્વાઈન ફ્લુના વધુ કેસો નોંધાશે તેવી આશંકા સેવાઈ રહી છે. આજે જિલ્લામાં સ્વાઈન ફ્લુના વધુ ૧૭ કેસ નોંધાતા આરોગ્યતંત્ર વિમાસણમાં મુકાઈ જવા પામ્યું છે. સ્વાઈન ફ્લુના ભરડામાંથી નાગરિકોને બચાવવા તંત્ર દિવસ-રાત એક કરી અનેક પગલાં ભરી રહ્યું છે, પરંતુ રોજે રોજ નોંધાતા કેસોની સંખ્યા તંત્રને હાશકારો અનુભવવા દેતો નથી.

## બેસણું



અમારા પિતાશ્રી **કનુપ્રસાદ મગનલાલ દવે** (નાંદોલ) (નિવૃત્ત આચાર્ય, જાખોરા પ્રાથમિક શાળા)નો તા. ૨૨/૨/૨૦૧૫ના રોજ અક્ષરવાસ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૩-૨-૨૦૧૫ને સોમવારના રોજ સાંજે** ૪-૩૦ થી ૬-૩૦ દરમિયાન રાખેલ છે.

**સ્થળ : સિંધુભવન, સેક્ટર-૩૦, ગાંધીનગર**

લિ.

**દિપક કનુપ્રસાદ દવે**
**(બેંક ઓફ ઈન્ડીયા, ગાંધીનગર)**
**ગં.સ્વ. વિનોદાબેન કનુપ્રસાદ દવે (પત્ની)**
**ભારતીબેન બકુલેશ દવે (પુત્રી)**
**(નિવૃત્ત આચાર્યા, લીંબડીયા પ્રાથમિક શાળા)**

અમારા બનેવી સ્વર્ગસ્થ કનુપ્રસાદ મગનલાલ દવેનું બેસણું ઉપરના સમયે અને સ્થળે રાખેલ છે.

લિ.

**પ્રમોદરાય બાલગોવિંદ રાવલ**
**દિનેશચંદ્ર બાલગોવિંદ રાવલ**
**રાજેન્દ્રકુમાર શીવશંકર રાવલ**
**(ઈસનપુર મોટા)**

# જડબેસલાક બંદોબસ્ત

## સચિવાલય બહાર બે એન્ટ્રી મોરચા સ્કવોર્ડ પણ તૈનાત કરાશે

ગાંધીનગર, તા.૨૨

વિધાનસભા બજેટ સત્રનો આવતી કાલ સોમવારથી પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે ગાંધીનગરમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો તથા વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે જડબેસલાક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે તે ઉપરાંત સચિવાલયની બહાર બે પ્રવેશદ્વારો પાસે એન્ટ્રી મોરચા સ્કવોર્ડ પણ ખડે પગે રાખવામાં આવશે.

વિધાનસભા બજેટ સત્ર દરમિયાન દોઢ મહિના સુધી ગાંધીનગર શહેરમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત રહેશે. ૩ ડીવાયએસપી, ૯ પી.આઈ., ૪૦ પીએસઆઈ, ૨૦૦ પોલીસ, ૪૦ મહિલા પોલીસ, ૪૦ ટ્રાફીક પોલીસ, ૨૦ કમાન્ડો, ૩ કવીક રીસ્પોન્સ ટીમ (કયુ.આર.ટી.) અને ૩ કંપની એસઆરપી ગાંધીનગરમાં વિધાનસભા બંદોબસ્ત કરશે. ગાંધીનગર રેન્જમાંથી પોલીસ કર્મચારીઓ-અધિકારીઓને બંદોબસ્ત માટે તૈનાત કરવામાં આવશે. તે ઉપરાંત સચિવાલયમાં કોઈ પક્ષ, પાર્ટી કે અન્ય જુથો મોરચો લઈને ઘુસી ન જાય તેની તકેદારી માટે બે એન્ટ્રી મોરચા સ્કવોર્ડ તૈનાત રાખવામાં આવી છે. સચિવાલયના ગેટ નં. ૧ અને ગેટ નં. ૬ ખાતે આ બંને એન્ટ્રી મોરચા સ્કવોર્ડ ખડે પગે રહેશે.



સ્વર્ણિમ પાર્કનું નવું નજરાણું - વાયબ્રન્ટ સમિટ-૧૫ દરમિયાન સ્વર્ણિમ પાર્કને સજાવવામાં આવ્યો હતો. સ્વર્ણિમ પાર્કમાં એક નવું નજરાણું ઉમેરાયું છે જેણે નાગરિકો માટે કુતૂહલ જગાવ્યું છે.... (તસવીર : દિપક જાની)

## બેસણું



અમારા ભાઈશ્રી **ગલાબજી ચુંથાજી ઠાકોર (જી.સી. મકવાણા)**નું તા. ૨૦-૨-૨૦૧૫ને શુક્રવારે અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૩-૨-૨૦૧૫ને સોમવારે સવારે ૯-૩૦ થી બપોરે ૨-૦૦** દરમિયાન રાખેલ છે.

**સ્થળ :**
**વાણિયા વાસ**
**ઈન્દ્રોડા,**
**ગાંધીનગર**

લિ.

**આતાજી ચુંથાજી ઠાકોર**
**સરદારજી આતાજી ઠાકોર**
**રણજીતજી આતાજી ઠાકોર**
**ભૂપતજી આતાજી ઠાકોર**
**શકરાજી આતાજી ઠાકોર**
**વિજયકુમાર સરદારજીઠાકોર**
**દશરથજી પ્રતાપજી ઠાકોર**

# સરીતા ઉદ્યાનનુ કાફેટેરીયા શરૂ કરવા ટેન્ડરની શરતો હળવી કરાઈ

## અગાઉ ત્રણ વાર ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાઈ હતી એક પણ એજન્સીએ રસ દાખવ્યો ન હતો

ગાંધીનગર, તા. ૨૨

સરિતા ઉદ્યાનમાં વર્ષોથી બંધ કાફેટેરીયા પુનઃ શરૂ કરવા તંત્ર કક્ષાએથી ચોથીવાર ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. અગાઉ ઉંચુ ભાડુ અને આકરી શરતોના લીધે એક પણ એજન્સીએ રસ દાખવ્યો ન હતો.

સહેલાણીઓ માટે આકર્ષણના કેન્દ્ર સમાન ગણાતા સરીતાઉદ્યાનમાં અગાઉ કાફેટેરીયા ધમધમતુ હતુ. જેના લીધે ઉદ્યાનમાં આવતા સહેલાણીઓને ખાણી-પીણીની તમામ સુવિધાઓ ઉપલબ્ધ થતી હતી પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી કોઈ કારણોસર આ કાફેટેરીયા બંધ થઈ જતા ઉદ્યાનમાં આવતા મુલાકાતીએ પણ હાલાકી વેઠવી પડતી હોવાનું ધ્યાને આવ્યું હતું. જયારે બંધ કાફેટેરીયાને શરૂ કરવા આખરે તંત્ર દ્વારા વિચારણા હાથ ધરવામાં આવી હતી. જેના અંતે અગાઉ તંત્ર કક્ષાએથી આ કાફેટેરીયા શરૂ કરવા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ આકરી શરતોના લીધે કાફેટેરીયા ભાડેથી ચલાવવા એકપણ એજન્સીએ રસ દાખવ્યો ન હતો. જ્યારે કાફેટેરીયા માટે રૂ. ૧ લાખ જેટલો ઉંચો ભાડાનો દર પણ નિયત કરવામાં આવ્યો છે. સરીતા ઉદ્યાન સ્થિત કાફેટેરીયાને પુનઃ શરૂ કરવા માટે તંત્ર દ્વારા ચોથીવાર ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ વખતે શરતોનું લાંબુ લીસ્ટ પણ હળવુ કરી દેવાયું છે. સરીતા ઉદ્યાનનું બંધ કાફેટેરીયા ટુંક સમયમાં શરૂ કરી દેવાશે. જેના લીધે ઉદ્યાનમાં પણ રોનક છવાઈ જશે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · BENELAVE BATH FITTINGS · DR. FIXIT FOR HEALTHY CONSTRUCTION · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭






Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com